ADFACTORS PR
Knowledge-driven communications

SPML
Engineering Life

| News Date | 08-09-2016 | Publication | The Financial Express (G) |
|---|---|---|---|
| Language | Gujarati | Page No | 16 |
| Edition | Ahmedabad | | |

# અમારા કરજમાં કેબિનેટના કદમ બાદ ધરખમ ઘટાડો થશે : એસપીએમએલ

પીટીઆઇ
નવી દિલ્હી, તા.૭

એસપીએમએલ ઇન્ફ્રાએ આજે જણાવ્યું હતું કે કેન્દ્રીય પ્રધાનમંડળના એક નિર્ણયને પગલે કંપનીના દેવામાં નોંધપાત્ર ઘટાડો થાય તેવી શક્યતા છે. મંત્રીમંડળે જે કિસ્સામાં ચુકાદાને પડકારવામાં આવ્યો છે તેમાં બેંક ગેરંટી સામે લવાદી ચુકાદાના ૭૫ ટકા જેટલી રકમને છૂટી કરવાનો નિર્ણય કર્યો છે.

હાલમાં એસપીએમએલ ઇન્ફ્રાના શિરે કુલ રૂપિયા ૫૪૦ કરોડનું કરજ હોવાનો અંદાજ મૂકવામાં આવ્યો છે.

કેબિનેટના આ નિર્ણયને પગલે સરકારી સંસ્થાઓએ લવાદી ચુકાદાના ૭૫ ટકા જેટલી રકમની ચુકવણી કરવી પડશે. આથી, એસપીએમએલ ઇન્ફ્રાના દેવામાં નોંધપાત્ર ઘટાડો થવાની સંભાવના છે, એમ કંપનીએ એક નિવેદનમાં જણાવ્યું હતું.

એસપીએમએલ ઇન્ફ્રા રૂપિયા ૨૫૦ કરોડથી વધુ રકમના વ્યાજ સાથેના લવાદી ચુકાદાઓ ધરાવે છે અને ગયા અઠવાડિયાના મંત્રીમંડળના નિર્ણયને પગલે કંપનીને આમાંથી ૭૫ ટકા રકમ તાત્કાલિક મળી જશે. હાઇ કોર્ટ અને સુપ્રીમ કોર્ટ દ્વારા કંપનીની તરફેણમાં આવેલા ૫૦ ટકાથી વધુ ચુકાદાને સમર્થન આપવામાં આવ્યું છે.



આજ રીતે, રૂ.૫૦૦ કરોડના મૂલ્યના દાવા લવાદીના પ્રગતિના તબક્કામાં છે. કેબિનેટનો નિર્ણય એસપીએમએલને આવનારા ૧૨ મહિનામાં આ ચુકવણીઓ પ્રાપ્ત કરવામાં વધુ મદદ કરશે.

એસપીએમએલ ઇન્ફ્રા એ માળખાગત સવલતોના વિકાસના કારોબાર કરે છે. આમાં જળ સંચાલન, જળ માળખાકીય વિકાસ, ઉર્જા ઉત્પાદન, વેસ્ટ વોટર ટ્રીટમેન્ટ, વીજ પ્રસારણ અને વિતરણ, ઘન કચરો વ્યવસ્થાપન અને અન્ય સિવિલ ઇન્ફ્રાસ્ટ્રક્ચરનો સમાવેશ થાય છે.

| | | | |
|---|---|---|---|
| News Date | 08-09-2016 | Publication | Gujarat Niti |
| Language | Gujarati | Page No | 05 |
| Edition | Ahmedabad | | |

### કેબિનેટના લવાદી ચુકાદા પરના નિર્ણય સાથે

# એસપીએમએલ ઇન્ફ્રાના ઋણમાં નોંધપાત્ર ઘટાડો થશે

કેન્દ્રિય કેબિનેટ સરકાર સંસ્થાઓએ લવાદી ચુકાદાની ૭૫ ટકા રકમ ચુકવવાની જરૂર હોવાનો નિર્ણય લેતાં એસપીએમએલના ઋણમાં નોંધપાત્ર ઘટાડો થયો છે. એસપીએમએલ વ્યાજ સાથે રૂ. ૨૫૦ કરોડથી વધારેના લવાદી રકમ ધરાવે છે અને ગયા અઠવાડિયે મંત્રીમંડળના નિર્ણય સાથે કંપનીને આ રકમમાંથી ૭૫ ટકા રકમ તાત્કાલિક મળશે. ૫૦ ટકાથી વધારે ચુકાદા નામદાર હાઈકોર્ટ અને નામદાર સુપ્રીમ કોર્ટે જાળવી રાખ્યાં છે.

તે જ રીતે રૂ. ૫૦૦ કરોડના દાવા લવાદી પ્રક્રિયામાં ઘણાં આગળ વધી ગયા છે. કેબિનેટનો નિર્ણય એસપીએમએલને ૧૨ મહિનાના ગાળાની અંદર આ ચુકાદાની રકમ મેળવવામાં મદદ કરશે.

એસપીએમએલ ઈન્ફ્રા લિમિટેડના શ્રી સુભાષ ચાંદ સેઠીએ કહ્યું હતું કે, “ઈન્ફ્રાસ્ટ્રક્ચર કંપનીઓને લવાદી ચુકાદાની ચુકવણી સંબંધિત કેબિનેટના નિર્ણયથી અમે ખુશ છીએ. એસપીએમએલ તાત્કાલિક તેનું ઋણ ઘટાડી શકશે અને ૧૨થી ૨૪ મહિનાની અંદર તેમાં વધુ ઘટાડો થશે. આ સારો નિર્ણય છે, જેના પગલે ઈન્ફ્રા કંપનીઓની કામગીરીમાં સુધારો થશે.” એસપીએમએલ સ્વતંત્ર ધોરણે રૂ. ૫૪૦ કરોડનું ઋણ ધરાવે છે.

એસપીએમએલ ઈન્ફ્રા લિમિટેડ (કંપની) પબ્લિક લિમિટેડ કંપની છે, જેની સ્થાપના ભારતમાં કંપની ધારા, ૧૯૫૬ની જોગવાઈઓ હેઠળ થઈ છે. તેના ઈક્વિટી શેર ભારતમાં બે સ્ટોક એક્સચેન્જ પર લિસ્ટેડ છે. કંપની ઈન્ફ્રાસ્ટ્રક્ચર ડેવલપમેન્ટના બિઝનેસમાં સંલગ્ન છે, જેમાં વોટર મેનેજમેન્ટ, વોટર ઈન્ફ્રાસ્ટ્રક્ચર ડેવલપમેન્ટ, વેસ્ટ વોટર ટ્રીટમેન્ટ, પાવર જનરેશન, ટ્રાન્સમિશન અને વિતરણ, સોલિડ વેસ્ટ મેનેજમેન્ટ અને અન્ય નાગરિક સુવિધાઓ સામેલ છે.